## નવસારી કેવિકેમા હળદર અને મરી મસાલા પાકો અંગે બે દિવસીય ખેડૂત પરિસંવાદ યોજાયો

# વહેલી અને ઓછા પાણીએ પાકતી હળદરની નવી જાત અંગે 80થી વધુ ખેડૂતોએ માહિતી મેળવી

ભાસ્કર ન્યૂઝ | નવસારી



■ નવસારી કૃષિ યુનિ.માં હળદરના જાત અંગે માહિતી મેળવતા ખેડૂતો.

ભારત સરકારની મિશન ફોર ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર યોજના અંતર્ગત નોડલ ઓફિસર(મેગાસીડ) અને યુનિટ હેડ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારીના સંયુક્ત પ્રયાસથી અને નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના કુલપતિ ડો.ઝેડ.પી.પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી હળદર અને મરી મસાલા પાકો અંગે જિલ્લા કક્ષાનો બે દિવસીય ખેડૂત પરિસંવાદ કેવિકે, નવસારીમાં યોજાયો હતો.

આ પ્રસંગે નોડલ ઓફિસ (મેગાસીડ)ના વડા ડો. ડી.એ.ચૌહાણે હળદર અને અન્ય મરી મસાલા પાકોની જાતો વિકસાવવા 10થી 12 વર્ષના સમયગાળો લાગે છે તથા અન્ય પાકોની જેમ હળદર અને મરી મસાલા પાકોમાં પણ જાત ખૂબ જ અગત્યતા છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેઓ ખેડૂતોને મેગાસીડથી કઠોળ, ધાન્ય વર્ગ અને અન્ય પાકોની વિવિધ જાતો વિકસાવામાં પાયારૂપ ભૂમિકા ભજવીને ખેડૂતોને હંમેશ મદદરૂપ થવા માટે યુનિવર્સિટી દ્વારા તત્પરતા દાખવી છે. આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી નકૃયુ નવસારીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. હેમંત શર્માએ ઉપસ્થિત ખેડૂતોને યુનિવર્સિટીની વિવિધ ટેકનોલોજીનો વધુ લાભ લઈને એકમ વિસ્તાર દીઠ વધુ ઉત્પાદન મેળવવા અને ઉત્પન્ન થયેલ ખેતપેદાશમાં મૂલ્યવૃદ્ધિ કરી સ્માર્ટ ખેતી તરફ આગળ વધવા અનુરોધ કર્યો હતો.

આ પરિસંવાદમાં જનીન વિદ્યાવિભાગના ડો. રીતેશ પટેલે ખેડૂતો માટે વહેલી અને ઓછા પાણીએ પાકતી હળદરની નવી જાત ગુજરાત નવસારી હળદર-4 તથા અન્ય જાતોની લાક્ષણિકતાઓ વિશે સમજણ આપી હતી. ડો. પંકજ ભાલેરાવે ઘનિષ્ઠ પાક વાવેતરમાં આંબા, ચીકુ અને નાળિયેરની વાડીમાં હળદરના પાક સફળતાપૂર્વક કેવી રીતે લઈ શકાય તે વિશેની માહિતી પૂરી પાડી હતી. પ્રગતિશીલ ખેડૂત અને અંબિકા હળદર ફાર્મ, જામલાપાડાના કાશીરામ બિરારીએ હળદર અને અન્ય પાકો પ્રાકૃતિક/સજીવ ખેતીથી ઉત્પન્ન કરી જાતે જ મૂલ્યવૃદ્ધિ કરી સીધા ગ્રાહકને વેચવા ઉપસ્થિત સૌને પ્રોત્સાહિત કર્યા હતા. આ પરિસંવાદમાં હળદર અને અન્ય પાકમાં આવતા રોગ જીવાતને નિયંત્રણ કરવા વૈજ્ઞાનિક ડો.એચ.પી. પટેલે સમજણ આપી હતી. આ પરિસંવાદમાં નવસારી જિલ્લાના 80થી વધુ ખેડૂતોએ ઉપસ્થિત રહી ખેતીમાં મૂંઝવતાં પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું હતું.

દિવ્યભાસ્કર - ન. ડાંગ    પાના નં - ૦૭

તા - ૨૭/૦૩/૨૦૨૪    બુધવાર

# નિંદામણ નાશકના છંટકાવને કારણે ઓક્ટોબરથી શેરડીની રોપણી કરવા કૃષિ.યુનિનો સુગરમિલોને પત્ર

સુરત, તા.૨૫

સપ્ટેમ્બર મહિનામાં શેરડીની રોપણી કરવા માટે ખેડુતોએ આડેધડ નિંદામણ નાશકનો છંટકાવ કરવો પડતો હોવાથી જમીન ફળદ્રુપતા ગુમાવી રહી હોવાથી નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી સપ્ટેમ્બરના સ્થાને ઓકટોબર મહિનાથી શેરડીની રોપણી શરૂ કરવામાં આવે તે માટે ખાંડ ઉદ્યોગ સંઘ ગાંધીનગર સમક્ષ લેખીત રજુઆત કરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતમાં 3 લાખ એકર જમીનમાં શેરડીનાં 1 કરોડ ટન જેટલો શેરડીનો પાક તૈયાર કરવામાં આવે છે, જેમાં સુગરમીલ તરફથી જ સપ્ટેમ્બર મહિનામાં રોપણીનો આગ્રહ રાખવામાં આવતો હોય છે. જેમાં કૃષિ યુનિ.એ સુગરમીલોના કાન આમળ્યા છે. સુરત તેમજ દક્ષિણ ગુજરાતમાં ઘણા સમયથી મહત્તમ ખેડુતો ડાંગર અને શેરડીનો પાક લેતા આવ્યા છે. જેમાં જોવા જઇએ તો સુરત જિલ્લાની 50 હજાર એકર જમીન જ્યારે સમગ્ર સમગ્ર દક્ષિણ ગુજરાતમાં 3 લાખ એકર જમીનમાં શેરડીનો પાક લેવામાં આવે છે. દક્ષિણ ગુજરાતની સુગરમિલો દ્વારા સપ્ટેમ્બર મહિનામાં રોપણી કરવા માટે અખત્યાર કરવામાં આવેલી નિતીને પગલે ખેડુતોએ ઉનાળાથી જ ખેતરમાં ચાસ(લીટા) પાડી દેવા પડે છે. અને ત્યારબાદ ચોમાસામાં બિનજરૂરી ઘાસ,વનસ્પતિ ઉગી નહીં નિકળે તે માટે નિંદામણ નાશ કરવા પેસ્ટીસાઇડનો ઉપયોગ કરવો પડે છે. વારંવાર આ પ્રકારે પેસ્ટીસાઇડનાં ઉપયોગનાં કારણે દક્ષિણ ગુજરાતની કિંમતી જમીન નિર્જીવ બનવા માંડી છે, અને ઉત્પાદન ક્ષમતામાં નોંધપાત્ર ઘટાડો થતા અગાઉ જ્યાં પ્રતિ એકર 35 થી 37 ટન શેરડીનું ઉત્પાદન થતુ હતુ, તે હવે ઘટીને 25 થી 26 ટન પ્રતિ એકર થતા ખેડુતોની ચિંતા સતત વધતી જઇ રહી છે, અને તેની સામે આવક ઘટતી જઇ રહી છે. આમ જોવા જઇએ તો સરેરાશ 20 થી 25 ટકા જેટલુ ઉત્પાદન ઘટી જતા શેરડીનો પાક લેતા ખેડુતોએ મોટુ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. એક તરફ જોવા જઇએ તો સુગર મિલો દ્વારા શેરડી રોપણી માટે 1 સપ્ટેમ્બરની તારીખ જાહેર કરી રહ્યા છે, જેને પગલે ખેડુતો લીલા પડવાશના પાકો લેવાનું ટાળી રહ્યા હોય અને ઉપરથી પેસ્ટીસાઇડનાં આડેધડ ઉપયોગનાં કારણે શેરડીના ઉત્પાદન અને ગુણવત્તા પર પણ અસર પડી રહી હોવાથી નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી ખાંડ ઉદ્યોગ સંઘ ગાંધીનગર સમક્ષ પુરતા સંશોધનાત્મક તારણો સાથે શેરડીની ખેતી ઓકટોબરથી શરૂ કરવામાં આવે તેવો પ્રસ્તાવ રજુ કર્યો છે. જેને પગલે 1 સપ્ટેમ્બરથી રોપણીનાં આદેશ આપનારા સુગરમીલોનાં કહેવાતા ખેડુતો આગેવાનોએ હવે નિયમ બદલવો જરૂરી બને તેવી સ્થિતિ ઉદ્ભવી છે.

## જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવા અને ઉત્પાદન ક્ષમતામાં સતત થઈ રહેલો ઘટાડો રોકવા ઓક્ટોબર માસથી રોપણી કરવા અનિવાર્ય

ગુજરાત ગાર્ડિયન (સુ-આવૃત્તિ) પાના નં - 02
તા- 25/03/2024 બુધવાર